॥ સહકારથી સમૃદ્ધ અને સુશોભિત દૂધસાગર ॥

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૮ | વર્ષ - ૪ | ફેબ્રુઆરી - ૨૦૨૫ (સળંગ અંક : ૪૩)   www.dudhsagardairy.coop   twitter.com/dudhsagardairy   dudhsagardairyofficial   youtube.com/c/DudhsagardairyCoop

## Cooperatives Build a Better World

# સહકારીતાથી એક નવા વિશ્વનું નિર્માણ

# IYC 2025


## International Year Of Cooperatives

**2025** ના આ આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ દરમ્યાન પોતાના દરેક અંકમાં પત્રિકા પહોંચાડશે - પોતાના વાંચકો સુધી દૂધસાગર ડેરીની સહકારીતાની સૂવાસ

દૂધસાગરના વિકાસમાં મહિલાઓની ભાગીદારી

૨૦૨૫ માં દૂધસાગર ડેરીના નવા લક્ષાંક

સરકાર સહકાર સાયન્સ સાથે સર્વોત્તમ દૂધસાગર



# સાગરથી સશક્તિકરણ

## દૂધસાગરમાં મહિલાઓની ભાગીદારી

2025

International Year of Cooperatives

Cooperatives Build a Better World



**મહાત્મા ગાંધીજીથી લઈને ડૉ.અબ્દુલ કલામ અને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈમોદી તથા સહકાર મંત્રી શ્રી. અમિતભાઈશાહ સુધી સૌએ ભારતીય સહકારી સંસ્થાઓની હિમાયત કરી છે**


**(શ્રી અશોક ચૌધરી - ચેરમેનશ્રી. દૂધસાગર ડેરી)**

ભારતમાં સહકારી સંગઠનો અને સહકારી પ્રવૃત્તિઓનું મહત્વ આજથી નહી, પરંતુ ઘણા સમય પહેલાંથી - એક રીતે જોઈએ તો આઝાદી પહેલાં થી છે. જ્યારે મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અંગ્રેજો સામે આઝાદીની અહિંસક લડાઈ ચાલી રહી હતી તે વખતે પણ અંગ્રેજો સામે અસહકારની લડત એક અર્થમાં ભારતીય સહકારીતાનું જ પ્રતિનિધીત્વ કરતી હતી ! સરદાર વલ્લભભાઈ પટેલ ભારતની સહકારીતાને દેશની કરોડરજ્જુ કહેતા હતા ! દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂથી લઈને આજના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈમોદી સુધી સૌએ દેશના ગ્રામીણ અર્થતંત્રની મજબૂતાઈ માટે સહકારીતાને પ્રથમ મંત્ર બનાવ્યો છે. જેના પરીણામ સ્વરૂપ, આઝાદીના આટલા વર્ષ પછી દેશમાં કેન્દ્ર કક્ષાએ પ્રથમવાર સહકારીતા મંત્રાલયની શરૂઆત કરવામાં આવી છે અને તેની પ્રથમ જવાબદારી સહકારી માળખાને પોતાના અનુભવ ના આધારે શતપ્રતિશત સમજી શકતા આપણા ગુજરાતી પુત્ર શ્રી.અમિતભાઈશાહને સોંપવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપ વર્તમાન સમયે દેશની વિવિધ સહકારી સંસ્થાઓને ફરીથી જોવા - જાણવા - સમજવાની કવાયત શરૂ થવા પામી છે. સહકારી સંગઠનોને પડતી મુસીબતોને સમજવાની અને તેનો ઉકેલ લાવવા સહકારી શક્તિને મદદ મળી રહે તે પ્રકારના નિર્ણયો બેખૂબીથી લેવાઈ રહ્યા છે. સહકારી મંત્રાલયની અલગ સ્થાપના પછી આજે ભારતના તમામ રાજ્યોમાં પથરાયેલી સહકારી સંસ્થાઓને એક સૂત્રમાં પરોવવાની તૈયારીઓ ચાલી રહી છે તો બીજી તરફ ભારતની સહકારીતાને - વિશ્વની સહકારીતા સાથે જોડવાનું ભગીરથ કાર્ય પણ શ્રી. અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ થઈ રહ્યું છે.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે મળેલ સહકારીતાનું વિશ્વ સંમેલન જેનું ઉત્તમ ઉદાહરણ છે. વર્તમાન ચાલી રહેલા 2025 ના વર્ષને યુનો દ્વારા વિશ્વ સહકારીતા વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય પણ વર્તમાન મોદી સરકાર ની - સહકારીતાને સમજવાનો નવો દ્રષ્ટિકોણ આખી દુનિયા સ્વિકારી રહી છે તેનું ઉત્તમ ઉદાહરણ છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (દૂધસાગર ડેરી) દ્વારા સંચાલિત દૂધસાગર પત્રિકા વિશ્વ સાથે આ સહકારીતા વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર વર્ષ દરમ્યાન પોતાના વાંચકોને સહકારીતા સાથે દૂધસાગર ડેરીની ઝીણવટપૂર્વકની સમજ આપશે. જેના ભાગરૂપે આ પ્રથમ લેખ ડેરીની મહિલા શક્તિને સમર્પિત કરીએ છીએ :

મહેસાણા દૂધ સંઘની સ્થાપનાથી લઈને તેને સફળતા સુધી પહોંચાડવામાં મહિલાઓનો ફાળો પુરૂષો કરતાં વધારે રહ્યો છે. તે સનાતન સત્ય છે !! આઝાદી પછી આપણો સમાજ - પુરૂષ પ્રધાન સંચાલનની કુંઠીત વિચારધારામાંથી બહાર નહોતો આવ્યો એ અલગ બાબત છે. પણ, જેમ જેમ દેશ ઘડાતો ગયો તેમ તેમ વિચારધારાઓ પણ સાચા રસ્તે આગળ વધતી ગઈ. રાજકારણથી માંડીને - ઉચ્ચ પદો ઉપર મહિલાઓ પોતાની ક્ષમતા સાબિત કરતી ગઈ. અગાઉ પુરૂષોના પ્રમાણમાં મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ નહિવત હતું. મહાનગરોની સમકક્ષ ગામડાઓની મહિલાઓની સ્થિતી શિક્ષણની બાબતમાં લગભગ શૂન્ય હતી. આ પરિસ્થિતીમાં દૂધસાગર ડેરી સુધી દૂધ પહોંચાડવાનું કામ ભલે પુરૂષો કરતા હતા પણ, આ દૂધનું ઉત્પાદન એ દિવસે પણ સૌથી વધુ મહિલા પશુપાલકો કરતી હતી અને આજે પણ સૌથી વધુ દૂધ ઉત્પાદન મહિલા પશુપાલકો કરી રહી છે એ નિર્વિવાદ સત્ય છે. ઘરની મહિલા દૂધ ઉત્પાદન કરી ગામની દૂધ મંડળીમાં ભરાવતી હોવા છતાં મંડળીના ચોપડે લગભગ લગભગ પુરૂષોના નામ હોવાથી દૂધસાગર ડેરીમાં મહિલાઓની ભાગીદારી ના બરાબર દેખાતી હતી. પુરૂષો દ્વારા મહિલાઓને થયેલો આ સુક્ષ્મ અન્યાય સમયની સાથે માનવ સમાજને સમજાતો ગયો છે. દેશમાં આવેલી વિવિધ સરકારોએ પણ સમયાનુસાર મહિલાઓની આ મહત્વતા સમજાતી ગઈ અને એક સ્વસ્થ દેશ અને એક સ્વસ્થ અર્થતંત્રની રચનામાં મહિલાઓની અવગણના હવે પોસાય તેવી નથી તે સત્ય સમય દ્વારા બધાને સમજાતું ગયું. વર્તમાન સમયની મોદી સરકારે મહિલાઓ માટે - મહિલા સશક્તિકરણ માટે અનેક દરવાજા ખુલ્લા મુક્યા જેનાથી શિક્ષણથી લઈને લશ્કર સુધી મહિલાઓએ પોતાની મજબૂત ભૂમિકાને સાબિત કરી. ભારત દેશના સહકારી ક્ષેત્રમાં મહિલાઓનો ફાળો સૌથી વધારે હોવા છતાં તેમની હાજરીની નોંધ જાણે અજાણ્યે હોંશિયામાં ધકેલાઈ ગઈ હતી. પરંતુ, સરકારી કાયદા કાનૂન જ્યારે મહિલાઓની મદદે આવ્યા ત્યારે આજે સ્ત્રી-પુરૂષ સમાન વિચારધારાથી સુશોભિત દેખાતો ભારતીય માનવ સમાજ ધીમે ધીમે આજે સત્યમ્ - શિવમ્ અને સુંદરમ્ સ્વરૂપ દેખાઈ રહ્યો છે.






# મહિલા શક્તિથી સક્ષમ બનવાની દિશામાં દૂધસાગર

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના કાર્યક્ષેત્રમાં વર્તમાન સમયે ૧૨૧૭ દૂધ મંડળીઓ રજીસ્ટર્ડ થયેલી છે. આ તમામ દૂધ મંડળીઓમાં વાસ્તવિક રૂપમાં દૂધ ભરાવનાર મહિલા પશુપાલકોની સંખ્યા વધારે છે. ત્યારે, આપણા દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં સભાસદની દ્રષ્ટિએ મહિલા પશુપાલકોની વાસ્તવિક સંખ્યા આપણી સમક્ષ આવે તે માટે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ આ દિશામાં કાર્યશીલ બની મહિલા ભાગીદારી પોતાના પૂર્ણ આયામમાં ખીલે અને દૂધ ઉત્પાદન થી લઈને મંડળી સંચાલન સુધી તમામ કામો મહિલાઓ જ કરે તે વાસ્તવિકતાનું સર્જન કરી રહ્યા છે. આજે મહેસાણા દૂધસંઘના કાર્યક્ષેત્રમાં કુલ ૧૫૪ મહિલા દૂધ મંડળીઓ કાર્યરત છે. પ્રાપ્ત માહિતી અનુસાર દૂધસાગર ડેરીના કુલ સભાસદોમાં મહિલા પશુપાલક સભાસદોની બેંક ખાતાની હાલની સંખ્યા ૮૮૨૫૧ નોંધાયેલી છે. જેમને પોતાના દૂધ થકી પ્રત્યેક દશ દિવસમાં રૂા.૩૮ કરોડ - પ્રત્યેક મહિને રૂા.૧૧૪ કરોડ અને વાર્ષિક ૧૩૬૮ કરોડ રૂપિયાની દૂધની આવક પ્રાપ્ત થઈ રહી છે અને સમગ્ર મહેસાણા જિલ્લામાં દૂધસાગર ડેરી મહિલા ભાગીદારી સાથે ચાલી રહેલ સૌથી મોટી સંસ્થા બની ગૌરવભેર આત્મનિર્ભર ભારતની સાથે આત્મનિર્ભર મહિલાઓની ગૌરવગાથા લખી રહી છે !!

**સમગ્ર મહેસાણા જિલ્લામાં દૂધસાગર ડેરી મહિલા ભાગીદારી સાથે ચાલી રહેલ સૌથી મોટી સંસ્થા બની ગૌરવભેર આત્મનિર્ભર ભારતની સાથે આત્મનિર્ભર મહિલાઓની ગૌરવગાથા લખી રહી છે**






# વીમા શક્તિથી સુરક્ષિત દૂધસાગરની મહિલા શક્તિ

"ડેરી અને પશુપાલકો પ્રથમ" એ સૂત્ર સાથે લાખો - લાખો પશુપાલકોનો વિશ્વાસ જીતી દૂધસાગર ડેરીના વહિવટમાં આવેલા નવિન સૂત્રધારોએ સમયને અનુરૂપ ડેરીની તથા પશુપાલકોની પરવા કરી અનેક ફેરફારો અમલમાં મૂક્યા તે પૈકી એક ફેરફાર વીમા સુરક્ષાનો હતો. દૂધસાગરમાં દૂધ ભરાવતા પશુપાલકો પોતાના ભવિષ્ય અંગે વધુ સુરક્ષિત બને તે માટે વીમાની રકમ તથા વીમા સુરક્ષાની ઉંમરમાં વધારો કર્યા બાદ સમગ્ર કાર્યક્ષેત્રમાં પશુપાલકોને સૌથી મોટો લાભ પ્રાપ્ત થવા પામ્યો છે. અશોકભાઈ ચૌધરીના શાસન બાદ વીમા પોલીસીના આ ફેરફાર પછી વીમાની રકમ અને વીમાનો લાભ લેનાર વ્યક્તિઓ બંનેમાં ધરખમ વધારો થવા પામ્યો છે. જેમાં, મહિલા પશુપાલક સભાસદોની વાત કરીએ તો, વિતેલા વર્ષોમાં કુલ ૧,૭૩,૩૨૯ મહિલા દૂધ ઉત્પાદક આ વીમા પોલીસીથી જોડાઈને લાભાન્વિંત થવા પામી છે.

## ડિજીટલ ઈન્ડિયા માટે કોમ્પ્યુટર અને બેંકિંગ શિક્ષણથી સુસજ્જ બની દૂધસાગરની નારી શક્તિ



કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીની સરકારના આવાગમન બાદ છેલ્લા દશ વર્ષથી સમગ્ર ભારત "ડિજીટલ ઈન્ડિયા"ની એકસૂત્રતામાં પરોવાઈ ગયું છે. પેપરલેસ વહિવટો સફળતા પૂર્વક સમગ્ર ભારતમાં થઈ રહ્યા છે. નાણાકીય વ્યવહારો માટે આજે વિશ્વમાં સૌથી વધારે ડિજીટલ પ્લેટફોર્મનો ઉપયોગ ભારતમાં થઈ રહ્યો છે. ઈન્ટરનેટ ક્રાંતિનો વ્યવહારીક જીવનમાં ઉપયોગ હવે અનિવાર્ય છે ત્યારે દૂધસાગર ડેરીની મહિલા પશુપાલક તેનાથી અજ્ઞાન ન રહી જાય તેની કાળજી રાખતાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અનેક મહિલા શિક્ષણ કાર્યક્રમો વિતેલા વર્ષોમાં ગામડે ગામ ચલાવવામાં આવ્યા છે. સમયાંતરે દૂધસાગર ડેરી દ્વારા યોજાતા "દીવા પોગ્રામ" માં મહિલાઓ પાસે ત્યાંની સ્થાનિક દૂધ મંડળીમાં જઈને ડેરીના અધિકારીઓ નવિન બેન્કિંગ વ્યવહારોની સમજ - ATM વપરાશની સમજ - દૂધ અંગેની પાવતીમાં આવતી વિગતો વગેરે સમજ આપે તેને પ્રાધ્યાન્યતા આપવામાં આવી રહી છે. તો અગાઉના વર્ષમાં અમૂલ - નાસ્કોમ - SAP અને દૂધસાગર ડેરીના સંયુક્ત ઉપક્રમે કોમ્પ્યુટર થી સૂસજ્જ બે વાન તૈયાર કરી સમગ્ર દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં જુદા-જુદા વિસ્તારો પસંદ કરી મહિલાઓ કોમ્પ્યુટરથી રૂબરૂ પરિચીત થાય અને પ્રારંભિક કોમ્પ્યુટરનું સંચાલન શીખે તથા આ જ્ઞાનને વ્યવહારિક ભૂમિકામાં અપનાવતી થાય તે માટે એક અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેની ફળશ્રુતિ સ્વરૂપે આજે અનેક મહિલાઓ દૂધસાગર ડેરી સાથે પોતાના તમામ કામો નવી દુનિયા સાથે - નવા કદમો મિલાવી કરી રહી છે. આજે અનેક દૂધ મંડળીઓ ઉપર AMCS મશીનો, માઈક્રો ATM સહિત વૈજ્ઞાનિક ઉપકરણો લાગ્યા છે તેને રોજબરોજ મંડળીમાં આવતી મહિલા દૂધ ઉત્પાદકો ખૂબ સારી રીતે સમજી રહી છે અને જાણી રહી છે એ બાબત જ નવા શાસનની શિક્ષણ સફળતાને પૂરવાર કરે છે !

## મિલ્ક -ડે સાથે મહિલા જાગૃતિ દિવસની ઉજવણી શરૂ થઈ જેમાં શ્રેષ્ઠ મહિલા પશુપાલકોને સન્માન આપી નારી તું નારાયણી સૂત્ર સાર્થક થઈ રહ્યું છે



ભૂતકાળમાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે પશુપાલકોને લઈ યોજાતા તમામ કાર્યક્રમોમાં પુરૂષ દૂધ ઉત્પાદકોને પ્રાધાન્યતા આપવામાં આવતી હતી જેના પરિણામે જે ડેરીમાં મહિલાઓ સવાર સાંજ પોતાનો પરસેવો પાડી દૂધ ભરાવતી હતી તે દૂધસાગર જોવા જાણવાની તેમની ઈચ્છા અધુરી રહેવા પામતી હતી. આ મર્મને સમજી ગયેલા આપણા ચેરમેનશ્રીના આગ્રહથી તેઓએ મિલ્ક ડે સાથે મહિલા જાગૃતિ દિવસ સાથે ઉજવાય અને વધુમાં વધુ પશુપાલક મહિલાઓ હાજર રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાનું સૂચન કર્યું તેના શુભ પરિણામ વિતેલા વર્ષોમાં જોવા મળ્યા છે. ૨૦૨૪ ના ડિસેમ્બર મહિનામાં યોજાયેલ અને સતત છ દિવસ સુધી ચાલેલ મિલ્ક ડે અને મહિલા જાગૃતિ દિવસની ઉજવણીમાં કુલ ૫૭૮૮ મહિલાઓએ રૂબરૂ દૂધસાગર ડેરીની મૂલાકાત લીધી હતી. આ દરમ્યાન સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના સભ્યો સહિત ઉપસ્થિત રહેલા વિશિષ્ટ મહાનુભાવો અને રાજપુરૂષોએ તેમની સાથે સીધો સંવાદ સાધી તેમના વિચારોને સમજવાનો પ્રયત્ન કરી આવનાર સમયમાં દૂધસાગર ડેરીની મહિલા પશુપાલકોના વિચારો અને આઈડિયાને મૂર્તિમંત કરી વાસ્તવિક ધરા ઉપર તેનો અમલ થાય તે માટેનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ૧૨૦ શ્રેષ્ઠ મહિલા દૂધ ઉત્પાદકોને મેનેજમેન્ટ દ્વારા શાલ અને સન્માનપત્ર આપી વધાવવામાં આવી હતી. દૂધસાગરની આ નારી શક્તિ વાસ્તવમાં દૂધસાગરની સાથે સાથે નવા ગુજરાતનું - નવા ભારતનું - નવા વિશ્વનું નિર્માણ કરી રહી છે. ત્યારે, ગુજરાતી સાહિત્યની પેલી પંક્તિ : "જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે " સાર્થક થઈ રહી છે !!

ગુજરાત સરકારના આરોગ્યમંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને

# ધિણોજ ગામે આયોજીત ધનવંતરી શારદોત્સવમાં OCDC એવોર્ડ વિજેતા અશોક ચૌધરીને સન્માનિત કરાયા

**દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોક ચૌધરીના પ્રયત્નોથી ધિણોજ ગામને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) માંથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ની અમૂલ્ય ભેટ મળી**






પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાની સૌથી મોટી ગ્રામ પંચાયત ધરાવતા ધિણોજ મુકામે ગત. ૧૨ જાન્યુઆરીના રોજ શૈક્ષણિક રીતે આગવી પ્રતિષ્ઠા ધરાવતી સંસ્થા શ્રી. ધિણોજ નાગરિક કેળવણી મંડળ દ્વારા આયોજીત "ધનવંતરી શારદોત્સવ" ના અધ્યક્ષ પદે ગુજરાત રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં મુખ્ય મહેમાન તરીકે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. આ પ્રસંગે આ સંસ્થામાંથી અભ્યાસ કરી જલવંત સફળતા મેળવનાર તથા સરકારના વિવિધ વિભાગોમાં ઉચ્ચ સ્તરીય નોકરી મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાથે તાજેતરમાં અમેરિકાનું લબ્ધ પ્રતિષ્ઠિત સહકારી સંગઠન OCDC દ્વારા શ્રી.અશોક ચૌધરીને આપવામાં આવેલ સહકારી ચેમ્પિયન એવોર્ડના અનુસંધાને ધિણોજ ગામ વતીથી ચેરમેનશ્રીને શાલ અને સુર્ય મંદિરની પ્રતિમા આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત આરોગ્યમંત્રી શ્રી. ઋષિકેશ પટેલે પોતાના વક્તવ્યમાં ધિણોજની જરૂરીયાત અને અશોકભાઈ ચૌધરીના આગ્રહને માન આપી પ્રાથમિક આરોગ્યકેન્દ્રને - સામૂહિક આરોગ્યકેન્દ્ર માં તબદીલ કરવાનું વચન આપી કાર્યક્રમમાં ઉત્સાહ ઉમેરી દીધો હતો. આ પ્રસંગે સંતશ્રી. રૂખડનાથજી મહારાજ, શંકુઝ વોટરપાર્કના માલિક શ્રી. શંકરભાઈ ચૌધરી, શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર, મોતીભાઈ દેસાઈ, નાથાભાઈ દેસાઈ અને દશરથભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રમુખ શ્રી. દિનેશભાઈ ચૌધરી અને ટીમ દ્વારા સફળતા પૂર્વક પાર પડાયું હતું.

દૂધસાગર ડેરીના સૌથી મોટા બીજા નંબરના દૂધ ઉત્પાદક પરિવાર દ્વારા

# ઈંટોદા મુકામે દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના પવિત્ર વહિવટના વધામણાં કરવામાં આવ્યા

**વાર્ષિક ૯૮ લાખ ૧૦ હજાર ૪૯૬ રૂપિયાનું દૂધ ભરાવતા અને ૧૦૦ થી વધુ બન્ની ભેંસ ધરાવતા સુજ્ઞ શ્રી. સેજલબેન કલ્પેશભાઈ દેસાઈ ના સસરા શ્રી.ગાંડાભાઈ દેસાઈ દ્વારા હરખ વ્યક્ત કરાયો**





વિતેલા ચાર વર્ષોમાં મહેસાણા દૂધસાગર ડેરીમાં થયેલા આમૂલ પરિવર્તનો - પારદર્શક વહિવટીય પ્રણાલિકા - કરકસર - સમાન દ્રષ્ટિકોણ અને પશુપાલક પ્રથમ આ નિતીથી શાસન કરી દૂધના પોષણક્ષમ ભાવો તથા ઐતિહાસીક ભાવવધારા આપી સમગ્ર ગુજરાતની ડેરીઓ સાથે દૂધસાગરને કદમતાલ કરી ડેરીમાં દૂધની આવક તથા ડેરીના કુલ ટર્ન ઓવરમાં સફળતાના શિખરો સર કરનાર ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીને અમેરિકાની પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા OCDC દ્વારા પ્રાપ્ત થયેલ ચેમ્પિયન એવોર્ડની ખુશી વ્યક્ત કરતાં દૂધસાગર ડેરીમાં વિતેલા વર્ષોમાં સૌથી વધુ દૂધ ભરાવી શ્રેષ્ઠ પશુપાલકોમાં પોતાનો બીજો નંબર જાળવી રાખનાર શ્રી.ગાંડાભાઈ દેસાઈ (ઈંટોદા) પરિવાર દ્વારા સ્વયંમભૂ રીતે એક ભવ્ય સન્માન સમારોહનું ચાણસ્મા તાલુકાના ઈંટોદા ગામે કરવામાં આવ્યું હતું. એક પશુપાલક તરીકે અગાઉ કરતાં શ્રી. ગાંડાભાઈ દેસાઈને મળતા દૂધના ભાવો તથા વાર્ષિક ભાવવધારા અંગે પોતાનો સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે અગાઉ ચાર વર્ષ પહેલાં તેઓ પશુપાલનના આ વ્યવસાયથી નિરાશ અને હતાશ થયા હતા તેથી પોતાનું દૂધ - દૂધસાગર ની જગ્યાએ અમદાવાદ પહોંચાડતા હતા પણ, અશોકભાઈ અને નિયામક મંડળના આગમનથી ડેરીની સાથે પશુપાલકો જીવી જવા પામ્યા છે ! આ પ્રસંગે નિયામક મંડળના સભ્ય શ્રી. અમરતભાઈ દેસાઈ, શ્રી. રમેશભાઈ દેસાઈ (અબલુવા), અને શ્રી. શક્તાભાઈ ભરવાડ સહિત મોટી સંખ્યામાં સહકારી આગેવાનો, પશુપાલકો અને વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કેબિનેટ મંત્રી શ્રી.ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં આયોજીત થયો

# પુરણપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સુવર્ણજયંતી મહોત્સવ

**સરકાર અને સહકાર બંનેનો સુગમ સમન્વય આવનાર સમયમાં આધુનિક ભારતનો નવો અધ્યાય લખશે જે સૌના માટે સુખાકારી અને ખુશહાલી લાવશે : ઋષિકેશભાઈ પટેલ**





ગત ૧૩ અક્ટોબર - ૨૦૨૪ ના રોજ વિસનગર તાલુકાના પુરણપુરા ગામે પચાસ વર્ષથી કાર્યરત પુરણપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સુવર્ણજ્યંતી મહોત્સવ યોજાયો જેમાં વિસનગર વિધાનસભાના પ્રતિનીધી અને ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભારે ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં યોજાયેલ આ સમારોહમાં સહકાર ક્ષેત્રમાં સરકારની મદદ વિષય કેન્દ્ર સ્થાને રહ્યો હતો. આ સાથે દૂધસાગર ડેરીનો હાલનો વહિવટ અને પશુપાલકો પ્રત્યેની નિયામક મંડળની અમીનજર થી સૌએ પોતાની સંતૃષ્ટિ વ્યક્ત કરી હતી. પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં કેબિનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલે દૂધસાગરના પારદર્શી વહિવટ અને સુયોગ્ય કાર્ય પધ્ધતિથી પશુપાલકો તરફ રાખવામાં આવતી ઉદારતાના વખાણ કરી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સહકાર મંત્રાલય અને તેના પ્રથમ મંત્રી શ્રી. અમિતભાઈ શાહ ની કુનેહના વખાણ કરતાં જણાવ્યું કે ; કેન્દ્ર સરકારનું હાલમાં સૌથી વધુ આ સહકાર મંત્રાલય તરફ ધ્યાન છે. સહકાર અને સરકારના સ્નેહ મિલનથી જ આપણે ગામડાઓને વધુ સમૃધ્ધ કરી શકીશું અને ખેડૂતની આવક વધારી શકીશું. આવનાર સમયમાં તેના શુભ પરિણામ આખો દેશ જોઈ શકશે. આ સાથે ઉલ્લેખનીય છે કે ; અનિવાર્ય સંજોગોને કારણે દૂધસાગરના ચેરમેન પ્રસંગમાં ઉપસ્થિત રહી શક્યા ના હોવાથી તેમણે પુરણપુરા ગામની આગલી સાંજે શુભેચ્છા મુલાકાત લઈ પોતાની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સાંસદશ્રી. હરિભાઈ પટેલ, વાઈસ ચેરમેનશ્રી. યોગેશભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી. દિલીપભાઈ ચૌધરી, એલ.કે .પટેલ તથા મુકેશભાઈ ચૌધરી (વિસનગર સંઘ), જિલ્લા સદસ્ય અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ (દાઢી) ઉપસ્થિત રહ્યા હતા.

પશુપાલકોના સાચા પ્રતિનીધી અશોક ચૌધરીના ઓવારણા

# હારીજ તાલુકાના જસોમાવ ગામે પ્રજાસત્તાક દિને દૂધસાગરના પવિત્ર વહિવટને વધાવવામાં આવ્યો

**અન્ય એવોર્ડની સમકક્ષ પશુપાલકો તરફથી મને તથા મારા નિયામક મંડળને મળેલો પ્રેમ અને વિશ્વાસ એ મારા માટે સૌથી મોટી મૂડી છે - જીવનની સાચી સમૃદ્ધિ છે : અશોક ચૌધરી**





વિતેલા ચાર વર્ષમાં દૂધસાગર ડેરીનો વહિવટ સંભાળ્યા બાદ પોતાની કૂનેહ અને આવડતના આધારે સમગ્ર નિયામક મંડળને પોતાની સાથે રાખી - પારદર્શક વહિવટ કરી દૂધસાગર ડેરીને નવી દિશા તરફ લઈ જવાનું ભગીરથ કાર્ય કરનાર અને પશુપાલક એજ ડેરીનો અંતરઆત્મા !! સૂત્રને સાર્થક કરી પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ અને અપેક્ષીત ભાવવધારો આપનાર તથા સાગરદાણ અને વેટરનરી સર્વિસમાં પશુપાલકો ઉપર ઓછામાં ઓછું ભારણ પડે તે માટે સતત પ્રયત્નશીલ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીને તાજેતરમાં મળેલ અમેરિકાના OCDC એવોર્ડના અનુસંધાને પોતાનો રાજીપો વ્યક્ત કરવા સોઢવ દૂધમંડળી અને સોઢવ સહકારી મંડળી દ્વારા હારીજ તાલુકાના જસોમાવ ગામે ગત. ૨૬ જાન્યુઆરી અને પ્રજાસત્તાક દિને દૂધ ઉત્પાદકો અને પશુપાલકોની હાજરી વચ્ચે શ્રી. અશોકભાઈ ચૌધરીનો એક સન્માન સમારંભ આયોજીત થયો હતો. સ્મૃતિચિન્હ અને શાલ સાથે ચેરમેનશ્રીના સન્માન બાદ વક્તાઓએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મહેસાણા દૂધસાગર ડેરીના વર્તમાન વહિવટની પ્રશંસા કરી હતી. અશોકભાઈ અને વર્તમાન નિયામક મંડળના હાથોમાં દૂધસાગર ડેરી અને તેની સાથે જોડાયેલ લાખો પશુપાલકોનું ભવિષ્ય સુરક્ષિત હોવાનો સંતોષ સૌએ એક સાથે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સરકારના પૂર્વમંત્રી શ્રી.દિલીપભાઈ ઠાકોરે અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું. સમારોહમાં મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેનશ્રી. વિનોદભાઈ પટેલ, પાટણ APMC ના ચેરમેન શ્રી.સ્નેહલભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી. અમરતભાઈ દેસાઈ, શ્રી. રમેશભાઈ દેસાઈ અને સમી-હારીજ તાલુકાના દૂધ મંડળીઓના પ્રતિનીધીઓ તથા સેવા સહકારી મંડળીઓના પ્રતિનીધીઓ સહિત મોટી સંખ્યામાં સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશુપાલકોને આંગણે પ્રજાસત્તાક દિન

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા દૂધસાગર ડેરી સંકલ્પબદ્ધ છે : અશોક ચૌધરી

### દેશની પ્રગતિમાં ખેડૂતોનો સિંહફાળો છે


ડેરી ક્ષેત્રમાં ભારત દૂનિયામાં પ્રથમ નંબરે છે

દૂધ ઉત્પાદનની બાબતમાં આજે વિશ્વમાં કોઈ પણ દેશ ભારત સાથે હરીફાઈમાં નથી

માનનીય પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીના વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા દૂધસાગર ડેરી સંકલ્પબદ્ધ છે

૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર પાવડર અને UHT પ્લાન્ટ આપણે આ વર્ષે દેશને સમર્પિત કરીશું

નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિ નિર્માણથી - રાષ્ટ્ર નિર્માણના સ્વપ્નને સાકાર કરતી સાગર સૈનિક સ્કૂલ આ વર્ષે બોરીયાવી ખાતે પૂર્ણ સુવિધાઓ સાથે કાર્યરત થશે





મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા